## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન



**દાહોદ :** નવજીવન સાયન્સ કોલેજ દાહોદ IQAC અને Indian Air Force દ્વારા તા.18/01ના રોજ કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. 250 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો . કાર્યક્રમમાં વિંગ કમાન્ડર દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય વાયુ સેના અને કારકિર્દી વિશે માર્ગદર્શન આપ્યું હતુ અને તેમની ટીમે વિદ્યાર્થીઓને Induction Publicity Exhibition Vehicle બસ બતાવી, વિવિધ ફાઈટર એરક્રાફ્ટ હેલિકોપ્ટર વગેરે મોડલની સમજ આપી હતી.

### મહાકાલી મંદિર પાવાગઢમાં રૂ. 1.75 લાખનો ચાંદીનો બાજઠ અર્પણ કરાયો



**પાવાગઢ :** મહાકાલી મંદિર પાવાગઢ મુકામે તારીખ ૧૮.૦૧ને શનિવારના રોજ સૌરાષ્ટ્રના મોરબી સિવીલ ડીવીઝન કોર્ટનાં જજ પરીવાર સાથે આવતા તેમનાં હસ્તે માતાજીનાં સન્મુખ સદાય રહે તેવો ચાંદીનો બાજટ જેનું વજન એક કિલોને પાંચો ગ્રામ જેની અંદાજીત કિંમત રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરાની રકમ ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે આ વિસ્તાર નાં નામાંકિત ધારાસભ્ય અને મહાકાલી મંદિર નાં વિનોદભાઈ વરીયા એ જજ ડી.એ.પારેખ નાં પરીવારનું સ્વાગત કર્યુ હતું અને મંદિર માં ઢોલ નગારા સાથે મંદિર ની પદક્ષીણા કરી ચાંદી નો બાજટ અર્પણ કર્યો હતો.

### દેવગઢબારીયા મુકામે યોજાયેલા વિજ્ઞાન મેળામાં છોટાઉદેપુરની સ્કુલનું શ્રેષ્ઠ પ્રદર્શન



**છોટાઉદેપુર :** દેવગઢ બારીયા મુકામે યોજાયેલા વિજ્ઞાન પ્રદર્શનમાં છોટાઉદેપુર એસ એફ હાઇસ્કુલ ના વિદ્યાર્થીઓ વિભાગ ૫માં સર્વશ્રેષ્ઠ કૃતિ તરીકે પસંદગી પામ્યા હતા. બાળ વિજ્ઞાનિક ઝોન કક્ષા વડોદરા, આણંદ, ખેડા, પંચ મહાલ, દાહોદ, છોટા ઉદેપુર અને મહીસાગર કુલ સાત જિલ્લાનો બાળ વિજ્ઞાનિક પ્રદર્શન દેવગઢ બારીયા મુકામે તા ૧૬થી ૧૮ જાન્યુઆરી દરમ્યાન રત્ન દીપ ઇન્ટર નેશનલ સ્કૂલ ખાતે યોજાયો હતો. છોટાઉદેપુર જિલ્લાની એસએફ હાઇસ્કુલના શિક્ષક અશોકભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ રજૂ કરી હતી.

### પાદરાની પી.પી. શ્રોફ હાઇસ્કુલ ખાતે ર૬મી જાન્યુ.એ પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાશે



**પાદરા :** પાદરાની પી.પી. શ્રોફ હાઇસ્કુલ ખાતે ૨૬ મી જાન્યુઆરી ૭૬ માં પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવશે. જેને લઈને પાદરાની પી.પી. શ્રોફ સ્કૂલ ખાતે તંત્ર દ્વારા નિરીક્ષણ કર્યું હતું અને જીલ્લા તેમજ તાલુકાના અધિકારીઓ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી રહી છે. પ્રજાસત્તાક દિન અથવા ગણતંત્ર દિવસ ૨૬ જાન્યુઆરી ભારતનો રાષ્ટ્રીય તહેવાર છે. આ દિવસે ઇ.સ.૧૯૫૦માં ભારતનું બંધારણ અમલમાં આવ્યુ હતુ અને ભારત બ્રિટિશ વાલીપણા હેઠળનાં દેશમાંથી સંપૂર્ણ પ્રજાસત્તાક (ગણતંત્ર) દેશ બન્યો હતો.

### સાવલી ડેસર તાલુકાના નિવૃત્ત કર્મચારી મંડળની સામાન્ય સભા અને સંમેલન યોજાયું

**સાવલી :** સાવલી ડેસર તેમજ જિલ્લાના નિવૃત્ત કર્મચારીઓનું અધિવેશન તેમજ સામાન્ય આયોજન સાવલી રેખા નીકેતન શાળાના કેમ્પસમાં યોજવામાં આવ્યું હતું જેમાં ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી સખાવતી મહા મંડળ ના પ્રમુખ નિર્મળસિંહ રાણા ના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં કાર્યક્રમ ના પ્રારંભ માં હાજરજનો એ દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું તે વેળાએ રેખાનિકેતન છાત્રાલય ની બાળા ઓ એ સ્વાગત ગીત અને વિવિધ સંસ્કૃતિ કાર્યક્રમમાં રજુ કરીને હાજર જનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા ત્યારબાદ વાર્ષિક સભાના એજન્ડાનું વાંચન કરવામાં આવ્યું હતું સાથે સાથે નિવૃત્ત કર્મચારી ઓ એ પેન્શન વધારો કરવા તેમજ 30/૬/ એ રિટાયર્ડ કર્મચારી ઓ ને ઇન્ક્રીમેન્ટ મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી પ્રારંભ માં હાજરજનો એ દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું જ્યારે રાજ્ય ના મહામંત્રી ચંદુભાઈ જોશી એ વિવિધ પડતર મુદ્દા ઓ ની છણાવટ કરવામાં આવી હતી આ પ્રસંગે ધારાસભ્ય કેતન ઈનામદારે નિવૃત્ત કર્મચારીઓના પડતર માગણીઓ અને મુદ્દા બાબતે ઘટતું કરવા અને સરકાર સુધી લાગણી પહોંચાડવા ની ખાતરી આપી હતી આ પ્રસંગે શ્રેષ્ઠ શિક્ષક ફિલિપ ભાઈ અને કર્મચારીઓનું શાલ ઓઢાડી ને સન્માન કરવામાં આવ્યું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન ધીરુભાઈ જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

**દાહોદ ખાણ-ખનીજ વિભાગ, મામલતદાર અને પોલીસનું સંયુક્ત ઓપરેશન : રૂ. 6 કરોડનો મુદ્દામાલ જપ્ત**

# પંચેલાની હોટેલના પાર્કિંગમાં ઓવરલોડ રેતી ભરેલા 17 ડમ્પર જપ્ત

**ખનીજ** વિભાગ દ્વારા પંચેલા ગામે અત્યાર સુધીની સૌથી મોટી રેડ

(પ્રતિનિધિ) દાહોદ, તા. 19

પંચેલા ગામે હોટલના પાર્કિંગમાંથી રેતીની અવરલોડ ગાડીઓ ઝડપી પાડી હતી. ખનીજ વિભાગ સહિત મામલતદાર તેમજ પોલીસ ના સંયુક્ત ઓપરેશનમાં ૬ કરોડથી વધુ નો અંદાજે મુદ્દા માલ ખનીજ વિભાગે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ગેરકાયદેસર રેતી વહન કરતી ટ્રકોને ઝડપી પાડી અંદાજે ૪૦ લાખથી વધુની વસુલાત થાય તેમ ખનીજ વિભાગની આકસ્મિક રેડથી રેત માફિયાઓમાં ફફડાટ વ્યાપ્યો હતો. દેવગઢબારિયા તાલુકાના પંચેલા ગામે આવેલ ઘનશ્યામ હોટલ ના પાર્કિંગમાં થી ૧૭ અવરલોડ ગેરકાયદેસર રેતી ભરેલી ટ્રકો ખનીજ વિભાગના સંયુક્ત ઓપરેશનમાં ઝડપાઇ ૬ કરોડ થી વધુના મુદ્દા માલ ઝડપાતા રેત માફિયાઓમાં ફફડાટ વ્યાપ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢબારિયા તાલુકાના પંચેલા ગામે આવેલ ઘનશ્યામ હોટલ ના પાર્કિંગમાં ગેરકાયદેસર રેતી ભરેલ ટ્રકો પડી રહેતી હોવાની માહિતી ખાણ ખનીજ વિભાગને મળતા ખાણ ખનીજ વિભાગ તેમજ સ્થાનિક મામલતદાર , સ્થાનિક પોલીસને સાથે રાખી ઘનશ્યામ હોટલના પાર્કિંગમાં આકસ્મિક રેડ કરતા ગેરકાયદેસર અવરલોડ ભરેલી ૧૭ ટ્રકો ઝડપી પાડતા ગેરકાયદેસર રેતી ભરેલા વાહનોના ચાલકો પોતાના વાહનો મૂકી ત્યાંથી પલાયન થઈ ગયા હતા. ત્યારે ખનીજ વિભાગની આ સંયુક્ત રેડમાં જે ગેરકાયદેસર રેતી ભરેલી ૧૭ ટ્રકો નો અંદાજે ૬ કરોડથી વધુ નો મુદ્દામાલ પકડાયો હોવાનું તેમજ અંદાજે ૪૦ લાખ થી પણ વધુ ની વસુલાત થાય તેમ જોવાઈ રહ્યું છે ત્યારે આ ખનિજ વિભાગ ની રેડ થી રેત માફીયાઓ માં હાલ ફફડાટ ફેલાયો હોય તેમ જોવાઈ રહ્યું છે. દેવગઢ બારીયા માં ગેરકાયદેસર મોટાપાયે રેતી ખનન થતો હોવાનું જોવાઈ રહ્યું છે ત્યારે દિવસ કરતા રાત્રે ચાલતું રેતી ખનન ઉપર તંત્ર સકંજો કસ સે કે પછી આવી જ રીતે વાહનોને પકડી સંતોષ માનશે.







### 17 ડમ્પરો પિપલોદ પોલીસ મથકે લાવવામાં અગવડ પડી

પિપલોદ નજીક આવેલા અસાયડી ગામ નજીક ઘનશ્યામ હોટલના પાર્કીંગમાંથી ખાણખનીજ વિભાગ દ્વારા સમગ્ર આ વિસ્તારની સૌથી મોટી રેડ કહેવામાં આવે છે. આ બાબતે દાહોદ જિલ્લાના ખનીજ વિભાગના સંયુક્ત ઓપરેશનમાં સૌપ્રથમ પહેલીવાર આટલી મોટી રેડ પડી હોઈ તેમ જોવાઈ રહ્યુ છે. ત્યારે આ રેડ જોઈને કેટલાક વાહન ચાલકો પોતાના વાહનો મૂકીને પલાયત થઈ જતા ખનીજ વિભાગને આ વાહનો પીપલોદ પોલીસ પથકે લાવવામાં અનેક અગવડતા ઉભી થવા પામી હતી ત્યારે ખનીજ વિભાગની આ રેડ ને લઈ કેટલાક વાહન માલિકો પણ દોડી આવ્યા હતા અને તેમના પણ ટોળેટોળા જોવા મળ્યા હતા.

## ગવાસદ પાસે ટ્રક અને સ્કુટર વચ્ચે થયેલા અકસ્માતમાં યુવકનું મોત

(પ્રતિનિધિ) પાદરા, તા. 19

પાદરા જંબુસર રોડ ગવાસદ ગામ પાસે ટ્રક અને સ્કુટરને અકસ્માત થતા નોકરી કરી ઘરે પરત જતા ચોકારીના ૨૧ વર્ષના યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસે ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઉક્ત બનાવને પગલે ગ્રામજનો બનાવવાની જાણ થતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

પાદરા ચોકારી શાહપુરા સીમ વિસ્તારમાં રહેતા રણજીતસિંહ અભેસિંહ પઢિયારના પુત્ર મહિપાલસિંહ ઉંમર ૨૧ છેલ્લા ૧ મહિનાથી કોન્ટ્રાક્ટ પર કુરાલ ગામે આવેલ ક્રોમ્પ્ટન કંપનીમાં નોકરી કરતો હતો ગઈકાલે વહેલી સવારના સુઝીકી કંપનીનું સ્કૂટર લઈ ફર્સ્ટ શિપમાં નોકરી પર ગયેલ હતો અને નોકરી પૂરી ઘરે આવતો હતો તે વખતે બપોરના ત્રણ કલાકે ગવાસદ ગામે હાલ્ડિંગ ગ્લાસ કંપની પાસે પાદરા જંબુસર રોડ ઉપર મુવાલ તરફથી આવતી ટ્રકના ચાલકે પૂર ઝડપે બેફીકરાઈ થી બેદરકારી પૂર્વક હંકારી સ્કૂટરને સામેથી અડફેટમાં લઈ એક્સીડન્ટ કરતા મહિપાલસિંહ પઢિયાર રોડ પર ધડાકા ભેર પટકાયા હતા જેને માથામાં અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેને 108 માં પ્રથમ વડુ સરકારી દવાખાને ત્યારબાદ વધુ સારવાર અર્થે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા. સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું પોલીસે ઘટના સ્થળે પહોંચી પી.એમ ની તજવીજ હાથ ધરી હતી.

## પાણીવાસણ ગામે 30 વર્ષીય પરણીતાએ આત્મહત્યા કરી

(પ્રતિનિધિ) દાહોદ, તા. 19

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પાણીવાસણ ગામે ૩૦ વર્ષીય પરણીતાએ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાય આત્મહત્યા કરી લેતા પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

ગત તારીખ 17મી જાન્યુઆરીના રોજ દેવગઢ બારીઆના પાણીવાસણ ગામે બારીઆ ફળિયામાં રહેતા 30 વર્ષીય જયાબેન અશ્વિનભાઈ બારીઆ એ પોતાના ઘરમાં અગમ્ય કારણોસર જોતરી પર સાડી બાંધી ગળે ફાંસો ખાય આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

## ડભોઈ મહુડીભાગોળ રેલ્વે ફાટકના ઉબડખાબડ રસ્તાનું સમારકામ કરાયું

**કોઇપણ** જાતનુ સિમેંટ ક્રોંક્રિટનો માલ ભર્યા વિનાજ ફાટકનો રસ્તો રાહદારીઓ અને વાહન ચાલકો માટે શરુ કરાવી દીધો હતો




(પ્રતિનિધિ) ડભોઈ, તા. 19

ડભોઇ રેલ્વે અધિકારીઓ ધ્વારા મહુડીભાગોળ રેલ્વે ફાટક ના સમારકામ માટે ગત 15 દિવસ અગાઉ રાત્રીના ફાટક નો રસ્તો બંધ કરી ટ્રેક બદલવા સાથે મોટા બ્લોક,ગ્રેવલ નાખી રેલ્વે લાઇન ના પાટાઓ ની આજુબાજુ નુ સમારકામ કરાયુ હતુ.પરંતુ રાહદારીઓ,વાહન ચાલકો નો લેશ માત્ર વિચાર કર્યા વિના રેલ્વે કર્મચારીઓ ધ્વારા સિમેન્ટ ક્રોંક્રિટ નો માલ ભર્યા વિના રસ્તો ઉબડ ખાબડ કરી દેતા રોજ રોજ વાહન ચાલકો ગબડી રહ્યા હતા.તો રેલ્વે ટ્રેક ની વચ્ચે પણ વાહનો ફસાઈ જતા હોય બંધ પડી જતા હકડેઠેઠ ટ્રાફીક સમસ્યા ઉભી થઈ રહી હતી. જેનો અહેવાલ ગુજરાત મિત્ર ન્યુઝમાં પ્રસિધ્ધ થતાં રેલ્વે તંત્રને રસ્તાનું સમારકામ કરવાની ફરજ પડી હતી.

કેટલાક સ્કુટર ચાલકો ગબડી પણ રહ્યા હતા. રેલ્વે ક્રોસિંગના રસ્તાનું સમારકામ થતાં લોકો ને રાહત થવા પામી હતી. જેથી રાહદારીઓ અને વાહન ચાલકોએ ગુજરાત મિત્ર ન્યુઝ નો આભાર માન્યો હતો.

## છત્રાલ ગામે નર્મદા કેનાલ વારંવાર ઓવરફ્લો થતા ધરતીપુત્રો ત્રાહિમામ

**ડભોઇ** નર્મદા નિગમના અધિકારીઓ જાણે આંખે પાટા બાંધી વહીવટ કરતા હોવાની ચર્ચા



(પ્રતિનિધિ) ડભોઈ, તા. 19

ડભોઈ નર્મદા નિગમના અધિકારી ઓ પોતાની એ.સી. ચેમ્બર છોડી જવા રાજી નથી. જેને લઈ બોરીયાદ કેનાલના પાણીનો યોગ્ય નિકાલ ન થતાં ખેતીને નુકશાન થયાની શાહી સુકાઈ નથી, ત્યાં ડભોઈ તાલુકાના છત્રાલ ખાતે કારવણ ડિસ્ટ્રીકટ કેનાલ વારંવાર ઓવરફ્લો થતા ખેતરોમા પાણી ભરાવાને લઈ ધરતીપુત્રો ત્રાહિમામ પોકારી ગયા છે. નર્મદા નિગમના અધિકારીઓને વારંવાર રજુઆત કરવા છતાંય કાયમી નિકાલ ન થતા ધરતીપુત્રોમા નારાજગી જોવા મળે છે.

ડભોઈ નર્મદા નિગમના અધિકારીઓ જાણે આંખે પાટા બાંધી વહીવટ કરતા જોઈ શકાય છે. સરકાર ખેડૂતોની આવક બમણી કરવા પ્રયત્નશીલ છે. પરંતુ અધિકારીઓ પોતાની ઓફિસ છોડી જવા તૈયાર ન હોવાને કારણે ખેડૂતો ને નુકશાન વેઠવાનો વારો આવે છે . ત્યારે નર્મદા નિગમ નો વહીવટ ખાડે ગયો હોય એમ હાલ લાગી રહ્યુ છે . આધાર ભૂત સુત્રો માંથી જાણવા મળ્યાં મુજબ જો સમયસર કાર્યવાહી નહી થાય તો છત્રાલ ના ખેડૂતો નર્મદા નિગમનો ઘેરાવો કરશે એમ હાલ તબક્કે લાગી રહ્યુ છે.

## છોટાઉદેપુરના નોલેજ ડેમ શિયાળામાંજ સુકાઈ જતાં, ખેડૂતોને માથે હાથ દેવાનો વારો



200 જેટલા ખેતરોમાં પાણી પૂરું પાડતો નોલેજ ડેમમાં રીપેરીંગ ની કામગીરી યોગ્ય સમયે ન થતાં ઉનાળા માં ખેડૂતોને માથે હાથ મૂકી રડવાનો વારો આવશે. ચોમાસુ ખેતી ઉપર નિર્ભર ખેડૂતોને ડેમનું પાણી મળે નહીં.. સ્થાનિક પ્રજા માં રોષ જોવા મળી રહ્યો છે. નોલેજ ડેમ ભર શિયાળે ખાલી થઈ ગયો છે. હાલમાં છલોછલ ભરેલા તળાવને સ્થાને નહિવત માત્રા માં પાણી જોવા મળી રહ્યું છે. તાલુકાના ઓલીઆંબા અને નોલેજ ગામને સિંચાઇ નું પાણી પૂરું પાડતો નોલેજ ડેમ તંત્રની ઘોર બેદરકારીને કારણે હાલ ખાલી જોવાઈ રહ્યો છે. આવનારા કપરા ઉનાળામાં ખેડૂતોને માથે હાથ મૂકીને રોવાનો વારો આવે તો નવાઈ નહીં.

## ગોયાવાંટથી સિમેલ ગામે જવાના રસ્તાનો મેકઅપ ઉતરી ગયો

**ત્રણ** ગામોના લોકો ખખડધજ રસ્તા ઉપર થી અવરજવર કરે છે



(પ્રતિનિધિ) નસવાડી, તા. 19

નસવાડી તાલુકાના ગોયાવાંટ થી સિમેલ ગામે જવાનો ડામર રસ્તો ખખડજ હાલતમાં ત્રણ ગામોના લોકો આ રસ્તા ઉપર થી અવરજવર કરે છે રસ્તા નો ડામર ઘસાઈ જતા તેના મેટલ બહાર આવી જતા મોટરસાયકલ ચાલકો સ્ટેરીંગ ઉપર નો કાબુ ગુમાવી દે છે પંચાયત માર્ગ મકાન વિભાગ આ રસ્તાનું રીપેરીંગ કરાવે અને રોડના ખાડા પુરાવે તેવી માંગ ગ્રામજનો કરી રહ્યા છે.

નસવાડી તાલુકાના ઊંડાણ ના ગામડાઓમાં પંચાયત માર્ગ મકાન વિભાગ ના ગામડાઓને જોડતા રસ્તા આવેલા છે જેમાં ગોયાવાંટ ગામ થી સિમેલ ગામ જવાનો ત્રણ કિલોમીટર નો રસ્તો ખખડજ હાલત માં છે 10 વર્ષ પહેલા આ રસ્તો બન્યો હતો ત્યાર બાદ અધિકારીઓ આ રસ્તા ને નવેસર થી બનાવવા માટે કોઈ પ્રયત્ન ના કરતા ડામર રસ્તો ઘસાઈ જતા તેમાંથી મેટલ બહાર આવી રહ્યા છે. કોઈ મોટરસાયકલ જરાક પણ પોતાનું વાહન ફાસ ચલાવે તો સ્ટેરીંગ ઉપર નો કાબુ ગુમાવી દે છે.

## છોટાઉદેપુર સ્ટેટ હાઈવે બ્રિજ ઉપર બંધ લાઈટોનું રીપેરીંગ કરવા માંગ

**રાત્રિના** સમયે રસ્તા ઉપર લાઇટો બંધ હોવાને કારણે વાહન ચાલકોને તકલીફનો સામનો કરવો પડે છે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 19

છોટાઉદેપુર નગરની રેલવે ફાટક નં 101 ઉપર આવેલો ઓવર બ્રિજ ઉપર સોલાર સ્ટ્રીટ લાઇટ લગાડવામાં આવી છે. પરંતુ તેનું અજવાળું દિવા જેવું પડે છે. અને 9 જેટલી લાઇટ બંધ અવસ્થામાં છે. જેના કારણે પ્રજાને રાત્રિના સમયે રસ્તા ઉપર લાઈટો બંધ હોવાને કારણે અજવાળું અને વાહન ચાલકો તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે આ સોલાર લાઈટોનું મેન્ટેનન્સ થાય એ ખૂબ જરૂરી છે. પરંતુ આ બાબતે કાળજી લેવામાં આવતી નથી. જેથી પ્રજામાં રોષ જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે છોટાઉદેપુર સ્ટેટ હાઈવે 62 ઉપર આવેલો અને નગરમાંથી પસાર થતો રેલવે બ્રિજ પ્રજાને અત્યંત ઉપયોગી છે. જ્યારે નગરની મધ્યમાંથી પસાર થતો ઓવર બ્રિજ હોય ઘણા નાગરિકો ચાલીને પણ જતા હોય છે અને બ્રિજની પાળી ઉપર બેસે છે. જેની લાઈટો બંધ રહેતા પ્રજાને તકલીફ પડી રહી છે. જ્યારે ગુજરાત, મધ્યપ્રદેશ, ના વાહનો તથા સ્થાનિક વાહનો આ રસ્તા ઉપરથી પસાર થતા હોય છે. જ્યારે નગરના રહેણાંક વિસ્તારમાંથી આ બ્રિજ પસાર થાય છે. જેના કારણે પણ આ લાઈટનું કામ તુરંત કરાવવું આવશ્યક છે. જે બાબતે આર એન્ડ બી સ્ટેટના ઓફિસર તેરસિંગભાઈ રાઠવાને પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે આ બ્રિજના વિજપોલ બાબતે ની કામગીરીની અમારા તરફથી નગરપાલિકાને હેન્ડ ઓવર કરવાની હોય જે બાબતેનો લેટર મોકલી આપવામાં આવ્યો હતો. હાલ નગરપાલિકા દ્વારા કોઈ પણ સોલાર સ્ટ્રીટ ની નિભાવણી કરવામાં આવતી નથી.